# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તાઃ ૫/૪/૨૦૧૯

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બરમાં ઉકા તરસાડીયા યુનિવર્સિટીના ફેકલ્ટીઝે વિદ્યાર્થીઓને વિવિધ કોર્સ વિશે માર્ગદર્શન આપ્યુ

સુરત. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બાદ વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર વિશેની મૂંઝવણોને દૂર કરવાના હેતુથી ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા 'કેરીયર ગાઇડન્સ મહોત્સવ'નું આયોજન કરવામાં આવ્યુ છે. મહોત્સવના પાંચમા દિવસે ઉકા તરસાડીયા યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ફેકલ્ટીઝ દ્વારા જુદી–જુદી સ્ટ્રીમમાં ચાલતા કોર્સ વિશે માહિતી આપી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરુ પાડવામાં આવ્યુ હતુ.

બારડોલી ખાતે માલીબા કેમ્પસની ઉકા તરસાડીયા યુનિવર્સિટીના એડવાઇઝર ડો. એન.સી. શાહે વાલીઓને અનુરોધ કરતા જણાવ્યુ હતુ કે, બાળકો જે કઈ દિશામાં કારકિર્દી બનાવવા માટેના સપના જોતા હોય તેઓને પૂર્ણ કરવા માટે વાલીઓએ સહકાર આપવો જોઇએ. વિદ્યાર્થીઓને સફળ થવા માટે એક્ષપોઝર જરૂરી છે. એના માટે અત્યારથી જ પ્લાનીગ કરવી પડશે.

મેનેજમેન્ટ વિભાગના સુશ્રી સ્વાતિ હલાનીએ જણાવ્યુ હતુ કે, જે વિદ્યાર્થીઓને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, સીએફએ અને કંપની સેક્રેટરી પ્રોફેશનમાં જવુ હશે તેઓએ બી.કોમ. સાથે આગળ વધવુ જોઇએ. જયારે જે વિદ્યાર્થીઓને એલએલબી પ્રોફેશનમાં જવુ હશે તેઓએ બીબીએ કરવુ જોઇએ. તેમની યુનિવર્સિટીમાં એલએલબીના વિદ્યાર્થીઓને ટેક્ષ સ્લેબ પણ શીખવાડવામાં આવે છે. વિદ્યાર્થીઓ એન્જીનિયરીગ વીથ એમબીએ પણ કરી શકે છે. એન્જીનિયરીગ કરતા એન્જીનિયરીગ વીથ એમબીએ વિદ્યાર્થીઓની પ્રાયોરીટી વધી જાય છે.

ફિઝીયોથેરાપી વિભાગના ડો. નિયતિ દેસાઇએ જણાવ્યુ હતુ કે વિદ્યાર્થીઓ ફિઝીયોથેરાપી, નર્સિંગ અને ડેન્ટલ કોર્સ કરી શકે છે. ફિઝીયોથેરાપી, આયુર્વેદીક અને નર્સિંગ કોર્સ માટે નેટની પરીક્ષાની જરૂરીયાત હોતી નથી.

ડો. પ્રણવ શાહે બી.ફાર્મસી કોર્સ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે આ ચાર વર્ષનો કોર્સ છે. વિશ્વની ૪૦ ટકા દવા ભારતમાં અને ભારતની ૬૦ ટકા દવા ગુજરાતમાં બને છે. એટલે આ ફિલ્ડમાં પણ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતરની સારી તકો રહેલી છે. બી.ફાર્મમાં પ્રવેશ માટે ધોરણ બાર પાસ એ, બી તથા એબી ગ્રૂપના વિદ્યાર્થીઓએ ગુજકેટ, નીટ અને એસીપીસીની પરીક્ષા આપવાની હોય છે. પ્રવેશ માટે ધોરણ બારના ૬૦ ટકા અને ગુજકેટના ૪૦ ટકા માકર્સ ગણવામાં આવે છે.

તેમણે વધુમાં કહયુ હતુ કે, હવે હોસ્પિટલોમાં ડોકટર્સ માત્ર દર્દીને ડાયગ્નોસ કરે છે. દવા આપવાનું કામ તો ફાર્માસિસ્ટ જ કરે છે. ફાર્મ ડી કોર્સ વિશે તેમણે કહયુ કે છ વર્ષનો આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓ ફોરેનમાં પરીક્ષા માટે કવોલીફાય થાય છે. ફાર્મ ડી થયેલા વિદ્યાર્થીઓ હવે ડોકટરની જેમ પિસ્ક્રીપ્શન પણ લખી શકે છે. એટલે આ કોર્સ પણ વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર માટે મહત્વનો છે.

આજના સેશનમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના કન્વીનર શ્રી બિજલ જરીવાલા અને મેનેજિંગ કમિટીના સભ્ય શ્રી નિખિલ મદ્રાસીએ પ્રાસંગિક વિધી કરી હતી. પ્રોફેસરોએ વિદ્યાર્થીઓ અને વાલીઓના સવાલોના જવાબ આપ્યા હતા અને ત્યારબાદ કેરીયર ગાઈડન્સ મહોત્સવના પાંચમા દિવસનું સમાપન થયુ હતુ.